## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




પાપાને આટલી મોંઘી સ્કૂલની ફી ભરતા જોઈ ને એવું થાય છે કે... ભણવાનું છોડી... સન્યાસ લઇ લઉં...!!

# સેક્ટર-૭/૮ના બસ સ્ટેન્ડ પાસે અકસ્માત

ગાંધીનગર, તા. ૧૮

શહેરના 'ચ' માર્ગ પર ૭/૮ બસ સ્ટેન્ડ પાસે મોડી સાંજે ફૂલ સ્પીડે જઈ રહેલી એક ગાડીએ કાર અને ફ્રૂટની લારીને અડફેટે લીધા હતા. અકસ્માતના અવાજથી સ્થાનિક રહીશો પણ ઘરમાંથી બહાર દોડી આવ્યા હતા. આ બનાવમાં ઈન્ડીકા વીસ્ટા કારમાં સવાર મહિલા અને ફ્રૂટની લારીવાળા બહેનને ઈજાઓ પહોંચતા ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતને પગલે ચ-માર્ગ પર ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા. જ્યારે માર્ગ પર તડબુચ અને કેરીની રેલમછેલ જોવા મળી હતી. જ્યારે બંને કારને ભારે નુકસાન થવા પામ્યું છે.

ગાંધીનગર શહેરના ચકાચક રાજમાર્ગો પર વાહનચાલકો બેફામ સ્પીડે વાહન હંકારતા નજરે પડે છે. ટ્રાફિકના નિયમોની ઐસી કે તૈસી કરીને વાહનચાલકો ગાડીઓ હંકારીને અકસ્માત નોંતરે છે. તાજેતરમાં જ નગરના ચ-માર્ગ પર હિટ એન્ડ રનનો બનાવ બન્યો હતો. ત્યારે આજે વધુ એક બનાવ ચ-માર્ગ પર અકસ્માતનો બનવા પામ્યો છે. ચ-૩ તરફથી અમદાવાદ જઈ રહેલી હ્યુંડાઈ વર્ના કાર નં. જીજે.૧૮.બી.બી. ૯૦૦૧ના ચાલકે ૭/૮ના બસ સ્ટેન્ડ પાસે સે. ૮ તરફ વળાંક લઈ રહેલી ઈન્ડીકા વીસ્ટા કાર અને સેક્ટર-૮માંથી તડબુચ અને કેરી ભરેલી લારી લઈને ઘરે પરત ફરી રહી હતી તે મહિલાને અડફેટે લીધા હતા. આ વિચિત્ર અકસ્માતનો અવાજ થતા જ સ્થાનિક રહીશો પણ ઘરમાંથી બહાર બનાવ સ્થળે દોડી આવ્યા હતા. આ બનાવમાં લારી ચલાવતી મહિલાને તેમજ ઈન્ડિકામાં સવાર મહિલાને ઈજાઓ પહોંચી હતી. બનાવની જાણ ૧૦૮ને કરતા તાત્કાલિક આવી પહોંચી હતી અને અકસ્માતમાં ઘવાયેલાઓને સારવાર અર્થે સિવિલ ખાતે લઈ જવાયા હતા. મોડી સાંજે બનાવ બનતા ચ-માર્ગ પર ટ્રાફિકજામના દશ્યો સર્જાયા હતા. અને નાગરીકોના ટોળેટોળા ઉમટ્યા હતા. કારની અડફેટે લારીના ફુરચેફુરચા ઉડી જતા માર્ગ પર દૂર દૂર સુધી તડબુચ અને કેરીઓની રેલમછેલ જોવા મળી હતી. જ્યારે અકસ્માતમાં બંને કારને ભારે નુકશાન થવા પામ્યું હતું.



## ખૂણે ખાંચરેથી...

● આજે ત્રીજો શનિવાર હોવાથી જિલ્લાનું વહીવટીતંત્ર મીટીંગોમાં સૌથી વધુ વ્યસ્ત રહ્યુ હતુ.

● ગાંધીનગર શહેરમાં પ્રવેશોત્સવમાં માત્ર ૬૫ ટકા જેટલુ જ નામાંકન થવા પામ્યું છે.

● ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે આવેલ સરસ્વતી શિશુ મંદિર ખાતે જિલ્લાના આગેવાનોની હાજરીમાં વિશ્વ યોગ દિવસનું આયોજન કરવામાં આવ્યું છે.

● જિલ્લાના મેલેરિયા અધિકારી સુશ્રી મમતાબેન દત્તાણીએ તાજેતરમાં મેળવેલ સિદ્ધિ બદલ આરોગ્ય સમિતિના ચેરમેન આશાબા રાઠોડ, શિક્ષણ સમિતિના ચેરમેન ગીતાબેન પટેલ અને વિપક્ષના નેતા જયેશ ચૌધરીએ તેમની કચેરીમાં જઈ તેમનું સન્માન કરી અભિનંદન પાઠવ્યા હતા.

● ગાંધીનગર મ્યુનિ. કમિશનર ડી.એન. મોદીએ આજે સઘન સફાઈ ઝુંબેશ અભિયાન અંતર્ગત શહેરના વિવિધ વિસ્તારોનો રાઉન્ડ લીધો હતો.

● ગાંધીનગરના નવા સેક્ટરોમાં નીલગાયનો ત્રાસ વધી રહ્યાની ફરિયાદો ઉઠવા પામી છે.

● ગુજરાત સાયન્સ સીટી દ્વારા આગામી ૨૧મી જૂન-૨૦૧૬થી થ્રીડી આઈમેક્સ થિયેટર ખાતે નવી ફિલ્મ "પેંગ્વીન" શરૂ થઈ રહી છે તેનો એક ખાસ શૉ પત્રકારો માટે અમદાવાદ ખાતે યોજવામાં આવ્યો છે.

## બ્રહ્માકુમારીઝ ખાતે ચાલી રહેલ યોગ તાલિમ શિબિર

સમગ્ર વિશ્વમાં તા. ૨૧મી જૂનના રોજ યોગ દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. ત્યારે ગુજરાત રાજયમાં પણ યોગ દિનને અનુલક્ષી ઠેર-ઠેર તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ગાંધીનગર સેકટર-૨૮ ખાતે આવેલ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયમાં તા. ૧૪ જૂનથી યોગ શિબિર ચાલી રહી છે.બ્રહ્માકુમારી સેવા કેન્દ્ર પર ચાલતા રોજ સવારના રાજયોગ અને પરમપિતા પરમાત્મા શિવબાબાએ પ્રજાપિતા બ્રહ્માના માનવીય તનમાં દિવ્ય અવતરણ કરી આપવામાં આવેલ સત્ય ગીતાજ્ઞાનના સત્સંગ બાદ ૭ થી ૭-૪૫ કલાક દરમિયાન યોગ શિબિર આર્ટ ઓફ લિવિંગના ગોપીબેનના માર્ગદર્શન હેઠળ ચાલી રહી છે.




## યોગ રથનું પ્રસ્થાન કરાવતા પ્રભારી સચિવ સંજીવકુમાર

આગામી તા. ૨૧મી જૂન, ૨૦૧૬ના રોજ વિશ્વ યોગ દિવસની ઉજવણી અનવ્યે ગાંધીનગર જિલ્લા કક્ષાની ઉજવણી સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન, ગાંધીનગર ખાતે થનાર છે. ગાંધીનગરના નગરજનો વધુ સંખ્યામાં વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં જોડાય તે હેતુથી જિલ્લા વહીવટી તંત્ર ગાંધીનગર દ્વારા તૈયાર કરવામાં આવેલા યોગ રથનું પ્રસ્થાન જિલ્લા પ્રભારી સચિવ શ્રી સંજીવકુમાર અને જિલ્લા કલેકટર શ્રી સતીષભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ યોગ રથ ગાંધીનગરના તમામ વિસ્તારો સહિત નજીકના ગામોમાં ત્રણ દિવસ ફરીને લોકોને યોગ અંગેની સમજ આપી માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્ય મંત્રી શ્રી આનંદીબહેન પટેલના સંદેશાનો પ્રચાર-પ્રસાર કરશે. જિલ્લા કલેકટર શ્રી સતીષ પટેલે તા. ૨૦મી જૂનના રોજ સવારના ૬.૦૦ કલાકે યોજાનાર યોગના રિહર્સલ અને તા. ૨૧મી જૂન, ૨૦૧૬ના રોજ વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં જિલ્લાવાસીઓ વધુ સંખ્યામાં જોડાય તે માટે અપીલ કરી છે.

# ગાંધીનગર જિલ્લામાં વિશ્વ યોગ દિવસ ઉજવાશે

### ગાંધીનગર જિલ્લામાં ૧૨૪૭ જેટલા સ્થળોએ પણ વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં અંદાજે ૩.૬૩ લાખ નાગરિકો જોડાશે

ગાંધીનગર, તા. ૧૮

સમગ્ર વિશ્વમાં તા.૨૧મી જુનના રોજ વિશ્વ યોગ દિવસની ઉજવણી થનાર છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ વિશ્વ યોગ દિનની ઉજણવીનું સુચારું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૦મી જુનના રોજ સેન્ટ્રલ વિસ્ટા ખાતે યોગ કાર્યક્રમનું સવારના ૬.૦૦ કલાકે રિહર્સલ યોજાશે. ગાંધીનગર ખાતે સેન્ટ્રલ વિસ્ટા, ઘ-૪ ખાતે જિલ્લા કક્ષાનો વિશ્વ યોગ દિનની ઉજવણી કરવામાં આવનાર છે. આ યોગ દિનની ઉજવણીના અધ્યક્ષ સ્થાને શહેરી ગૃહ નિર્માણના રાજય મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી ઉપસ્થિત રહેશે. સેન્ટ્રલ વિસ્ટા ખાતે યોજાનાર યોગ કાર્યક્રમમાં અંદાજે ૭ હજારથી વધુ લોકો ભાગ લેનાર છે. જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલે જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં ૧૨૪૭ જેટલા સ્થળોએ પણ યોગ દિનની ઉજવણી થનાર છે. જેમાં અંદાજે ૩ લાખ ૬૩ હજાર જેટલા લોકો વિવિધ સ્થળોએ યોજાનાર યોગમાં ભાગ લેશે.

ગાંધીનગર ખાતે સેન્ટ્રલ વિસ્ટા ખાતે યોજાનાર જિલલા કક્ષાના યોગ કાર્યક્રમમાં ગાંધીનગર સ્થિત શાળાના વિદ્યાર્થીઓ, સમર્પણ ધ્યાન યોગ સંસ્થા, કરાઈ પોલીસ એકેડેમી, આઈ.ટી.આઈ, એસ.આર.પી., નહેરૂ યુવા કેન્દ્ર, ડી.એસ.પી. ઓફિસ, કોસ્ટગાર્ડ ડિપાર્ટમેન્ટ, બ્રહ્માકુમારી સંસ્થા, પંતજલિ યોગ સંસ્થા, જી.આઈ.ડી.સી, ભારત વિકાસ પરિષદ, કડવા પાટીદાર સમાજ તથા વી કેર સંસ્થા, ડોકટર્સ એસોસિએશન જુના સચિવાલય કર્મચારી મહામંડળ, બાર એસોસિએશન, સ્વામિ વિવેકાનંદ યુવક/ મહિલા મંડળ સહિત નવા સચિવાલય અને જિલ્લા કક્ષાના અધિકારી - કર્મચારીઓ મળી કુલ-૭,૪૪૫ જેટલા વ્યક્તિઓ જોડાશે.

તે ઉપરાંત ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકા અને નગરપાલિકા વિસ્તારમાં પણ યોગ દિનની ઉજવણી થનાર છે. જેમાં જિલ્લાની ૮૩૩ પ્રાથમિક શાળા, ૩૦૩ માધ્યમિક શાળા, ૪ તાલુકાના નહેરૂ યુવા કેન્દ્ર ગ્રામ્ય વિસ્તાર, ગાંધીનગર મહાનગરપાલિકાના ૧ થી ૮ વોર્ડ, નાંદોલ ગ્રામ્ય વિસ્તાર, ગાંધીનગર તાલુકામાં ૩ સથળોએ, કલોલ અને માણસા તાલુકામાં બે-બે સ્થળોએ, જિલ્લાની દિવ્યાંગ બાળકોની ૧૩ સંસ્થાઓમાં, દહેગામના ઔડા ગાર્ડનમાં, પાલુન્દ્ર ગ્રામ્ય વિસ્તારમાં, દહેગામ તાલુકાના બે સ્થળો અને મ્યુનિસિપલ ગાર્ડન મળી ૧૧૭૫ સ્થળોએ યોગનો કાર્યક્રમ યોજાનાર છે. જેમાં ૩,૫૩,૨૦૯ જેટલા વ્યક્તિઓ યોગ કાર્યક્રમમાં ભાગ લેશે. તેની સાથે સાથે પંતજલિ યોગ સંસ્થાના ૭૦ સ્થળો, દાદા ભગવાન અને નર્સિગ મેડીકલ કોલેજ, ગાંધીનગર ખાતે પણ યોગનો કાર્યક્રમ યોજાશે. જેમાં ૧૦, ૬૮૦ જેટલા લોકો ભાગ લેશે.

ગાંધીનગર જિલ્લામાં વિવિધ સ્થળોએ યોજાનાર યોગ કાર્યક્રમમાં જિલ્લા વાસીઓને જોડાવવા જિલ્લા કલેકટર શ્રી સતીશભાઈ પટેલે નમ્ર અપીલ કરી છે.

# ન્યુ કેન્ટીનના રસોડામાં ઉભરાતા ગટરોના પાણીથી લાભાર્થીઓ ત્રાહીમામ

### નવા બિલ્ડીંગના ગ્રાઉન્ડ ફ્લોરમાં ગંદુ પાણી ન પ્રસરે તે માટે પાળી કરી છે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલને ગંદા પાણીનું ગ્રહણ લાગી હોય તેવું લાગી રહ્યું છે. આઠ માળની ઈમારતમાં ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ તમામ લીફટમાં ગંદા પાણીનો કકળાટ છે. આ સમસ્યાનો કાયમી હલ હજુ સુધી પીઆઈયુ વિભાગના અધિકારીઓ શોધી શકયા નથી ત્યાં નવિન કેન્ટીનના રસોડામાં ગંદુ પાણીનું ખાબોચીયું ભરાયું છે. આ પાણી કેન્ટીનના રસોડાથી આગળ ના વધે તે માટે પાળી કરાઈ છે. ટુંક સમયમાં આ કેન્ટીનની ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે ત્યારે ગટરના પાણી રસોડામાં ભરાતા હોય તે કેન્ટીનના ખોરાકની ગુણવતા પર પણ પ્રશ્નાર્થ ઉદભવે છે.

જીએમઈઆરએસ સંચાલિત હોસ્પિટલમાં અચ્છે દિન કયારે આવશે તેની રાહ લાભાર્થીઓ જોઈ રહ્યા છે. હોસ્પિટલ સંકુલને કોર્પોરેટ લુક આપવા કરોડો રુપીયા ખર્ચયા છતા દિનપ્રતિદિન ધાંધીયા બહાર આવે છે. હોસ્પિટલ સંકુલમાં પાણીનો કકળાટ શમતો નથી. દર્દીઓને પ્રાથમિક સુવિધામાં પણ યોગ્ય રીતે પ્રાપ્ત થઈ રહી નથી. ત્યારે નવા બિલ્ડીંગમાં ગટરોના પાણી ભરાઈ જવાનો ત્રાસ યથાવત રહેવા પામ્યો છે. ગ્રાઉન્ડ ફલોર પર આવેલ લીફટમાં પાણી માંડ દુર કર્યા છે ત્યારે નવીન કેન્ટીન કે જેનું હજુ ટેન્ડર પણ બહાર પડ્યું નથી તે કેન્ટીનના રસોડામાં ગટરના પાણી ભરાતા મચ્છરોનો ત્રાસ વધવા પામ્યો છે. ગંદુ પાણી આગળ ન વધે તે માટે ખેતરમાં કરવામાં આવે તેવી પાળી કરવામાં આવી છે. નવી કેન્ટીનમાં ભરાતા ગંદા ખાબોચીયાને પગલે જે તે સમયે કેન્ટીનમાં રાંધવામાં આવેલા ખોરાક પર પણ પ્રશ્નાર્થ ઉદભવશે. પીઆઈયુ વિભાગ દ્વારા રસોડામાં ભરાતા ગંદા પાણીનો ઝડપી નિકાલ કરવામાં આવે તેવું લાભાર્થીઓ ઈચ્છી રહ્યા છે. ત્યારે બીજીબાજુ સ્ટાફના કર્મીઓ ગંદા પાણીને કારણે પોતા ફેરવીને થાકી ગયા છે. નવા બિલ્ડીંગમાં કેન્ટીન કાર્યરત થવા પામી નથી ત્યારે તે ખુલ્લી હોવાથી સલામતી સામે પણ ખતરો ઉભો થવા પામે છે.





ઈન્ડિયન સોસાયટી ફોર મેલેરિયા એન્ડ અધર કોમ્યુનિકેશન ડીસીઝ (આઈએફએમઓસીડી)ની રાષ્ટ્રીય કક્ષાની ૧૧મી કોન્ફરન્સ તાજેતરમાં તા. ૧૦થી ૧૨ જૂન દરમ્યાન બેંગ્લોર ખાતે યોજાઈ હતી. જેમાં ગાંધીનગર જિલ્લા પંચાયતના મેલેરિયા શાખાના અધિકારી શ્રી ડૉ. મમતાબેન દત્તાણીએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ૧૦ વર્ષમાં મેલેરિયા અંતર્ગત થયેલી કામગીરી, વિશિષ્ટ કામગીરી અને તેના પરિણામનું પ્રેઝેન્ટેશન રજૂ કર્યુ હતું. તે બદલ તેઓશ્રીને આ બદલ યંગ સાયન્ટીસ એવાર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો.

# ચિલોડા ચોકડી પર દબાણ દુર કરાયા

ગાંધીનગર, તા. ૧૮

ચિલોડા ચાર રસ્તા પર ચારેબાજુ દબાણકારોએ અડીંગો જમાવી દીધો હતો,જેમાં ખાસ કરીને શટલીયા વાહન ચાલકોનો ત્રાસ હતો રોડ વચ્ચે વાહનો પાર્ક કરી દેતા સામાન્ય નાગરીક અને અન્ય વાહન ચાલકોને પરેશાની વેઠવી પડતી હતી.

દબાણ અંગે પોલીસને વારંવાર રજુઆત કરવામાં આવતા ચિલોડા પોલીસે માર્ગની વચ્ચે લારી-ગલ્લા તેમજ વાહનો પાર્ક કરતા વાહન માલિકો સામે દંડનીય કાર્યવાહી કરતા અન્ય દબાણકારોમાં ગભરાટ ફેલાયો છે. વર્ષો બાદ ચાર રસ્તાની ચારેબાજુ ખુલ્લી જગ્યા જોવા મળી હતી. પોલીસ તંત્રની કામગીરીને સ્થાનિકોએ બિરદાવી હતી.પરંતુ સમયાંતરે દબાણકારો સામે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ચિલોડાવાસીઓમાં ઉઠવા પામી છે.

ટચૂકડી જાહેર ખબર

**ભાડે આપવાનું છે**

સેક્ટર-૨એ, ઈન્ફોસીટી સામે, ૨૫૦ મીટરના પ્લોટમાં ઉપર નીચે પુરું બાંધકામ, આખુ અથવા ઉપર-નીચે.

સંપર્ક

**મો. ૯૪૦૮૨ ૯૨૮૨૦**

# માણસા ખાતે ૧૦૦ પથારીની જનરલ હોસ્પિટલનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૧૮

વધુ સારી અને ઝડપી આરોગ્ય સેવા - સુવિધા આપવી એ વર્તમાન સરકારની પ્રાથમિકતા રહી છે, તેમ આરોગ્ય અને જિલ્લા પ્રભારી મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે માણસા ખાતે રૂ.૬ કરોડના ખર્ચે ૧૦૦ પથારીની જનરલ હોસ્પિટલના લોકાર્પણ પ્રસંગે જણાવ્યું હતું. માણસા નગરપલિકા પ્રમુખ શ્રીમતી નીતાબહેન પટેલ અને સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના ચેરમેન શ્રી ગણેશભાઈ ચૌધરી મુખ્યમહેમાન પદે ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી સતિષભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, જનરલ હોસ્પિટલમાં આધુનિક સુવિધાઓ અને પથારીની સંખ્યામાં વધારો થવાથી માણસા, કલોલ અને વિજાપુર તાલુકાના નાગરિકોને ઝડપી અને શ્રેષ્ઠ આરોગ્યલક્ષી સારવાર ઉપલબ્ધ થશે. પુરતા મહેકમ સાથેની જનરલ હોસ્પિટલમાં તમામ આરોગ્યલક્ષી સુવિધાઓ દદીઓ માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે તેવી ઈચ્છા પણ તેમણે વ્યક્ત કરી હતી.

રૂ.૬ કરોડના ખર્ચે તૈયાર થયેલી સબ-ડિસ્ટ્રીકટ હોસ્પિટલમાં સર્જિકલ-૨૦, મેડિકલ-૩૦, ગાયનેક-૩૦, પિડીયાટ્રીક-૧૦, ઓપ્થલ્મિક-૬ અને આઈસોલેશનની ૪ એમ કુલ-૧૦૦ પથારીનો સમાવેશ થાય છે. આ હોસ્પિટલમાં સ્પેશીયલ રૂમ ખાતે-૬, પી.પી.યુનિ ખાતે ૧૦ અને સી.એમ.ટી.સી. ખાતે ૧૦ પથારીની સુવિધા સાથે કુલ ૧૨૬ પથારીઓની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. દદીઓની યોગ્ય સારવાર માટે સ્પેશ્યાલિસ્ટ ઓ.પી.ડી.નું નવીન બિલ્ડીંગ બનાવવામાં આવ્યું છે. જેમાં ફિજીશીયન, ગાયનેક, પિડીયાટ્રિક, સાયકીઆટ્રિક, ડેન્ટલ, સર્જન, એડલોસન્ટ હેલ્થ ઓ.પી.ડી. અને ફિઝીયોથેરાપી રૂમ જેવી સુવિધાનો સમાવેશ કરાયો છે. તદ્ઉપરાંત સોનોગ્રાફી મશીન, ફોટોથેરાપી યુનિટ, કોટરી મશીન સેલ કાઉન્ટર, જેવા આધુનિક ઉપકરણોની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.





**ગુજરાત રાજ્ય ટ્રાયબલ એજ્યુકેશનલ સોસાયટી**

(આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા સંચાલિત સ્વાયત્ત સંસ્થા)

ત્રીજો માળ, બિરસામુન્ડા ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦, ફોન : ૦૭૯-૨૩૨૪૩૭૪૮/૪૯

**જાહેર નિવિદા**

ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી ગાંધીનગર કચેરીના નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ના પગારમાંથી તથા પાર્ટીઓ / એજન્સીઓને ચુકવવાના થતા નાણાંમાંથી ટી.ડી.એસ.ના કપાતના રકમના ચલનોની ત્રિ-માસિક ધોરણે ૨૪ ક્યુ તથા ૨૬ ક્યુ ના અંદાજે ૧૫૦ થી ૨૦૦ ટીડીએસના ચલણોનું ઈટીડીએસ રીટર્ન ફાઈલ કરવાની કામગીરી માટે હેડ ઓફીસ ગાંધીનગર સ્થિત સી.એ. પાસેથી નીચેની શરતો મુજબના ક્વૉર્ટરલી સીલબંધ કવરમાં આરપીએડી/સ્પીડ પોસ્ટથી ભાવપત્રકો જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી દિન-૧૦માં (કચેરી સમય) દરમિયાન મળી જાય તે રીતે મંગાવવામાં આવે છે.

(૧) સી.એ. ફર્મની નોંધણી ત્રણ વર્ષ કરતાં વધુ સમયની હોવી જોઈએ.

(૨) સી.એ. ફર્મ દ્વારા ગાંધીનગર ખાતેની ઓછામાં ઓછી ૫ (પાંચ) કચેરીઓની ઈટીડીએસની કામગીરી કરેલ હોવી જોઈએ. (કચેરીનું લીસ્ટ સાથે)

(૩) આવકવેરાની જોગવાઈ અન્વયે ઈસ્યુ કરવાના થતાં ફોર્મ નં.૧૬ અને ૧૬એ વિના મૂલ્યે પૂરા પાડવાના રહેશે.

સહી/-

કાર્યપાલક નિયામક

જીએસટીઈએસ, ગાંધીનગર

માહિતી/૭૩૦/૨૦૧૬-૧૭